શ્રી

બૌચરાજીએનમઃ

ગાછા મીત્ર મંડળ તરફથી

ગવાતા

શ્રી બૌચરાજીની સ્તુતીના ગાયનો.

રચનાર

ગાછા ગોવિંદજી કાહાનજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ગાછા ભગવાનજી કલ્યાણજી.

રેહવાસી—કચ્છમાડવી

અમદાવાદ

અમદાવાદ સમાચાર પ્રેસમાં ગોકળદાસ

મોતીચંદે છાપી પ્રસિદ્ધ કર્યાં.

ઇ. સન ૧૯૦૩. સવત ૧૯૫૯.

કિંમત રૂ. ૦-૨-૦ કોરી ॥

અર્પણ પત્રીકા.

પરમ પુજ્ય માવીત્ર તુલ્ય
મુજ વડીલ ભ્રાતા છગનલાલ કાનજીની સેવામાં.

વીનંતી સાથે લખવાનુ કે આપે આપની જ્ઞાતી મંડળને સુધારવા તથા તેમનુ હિત કેમ થાય એવા પ્રયત્નો લઈ તન, મન અને ધનથી મદદ આપો છો, એટનુજ નહિ, પરતુ કોઇનું પણ ભલું થતું હોય તેમા આપ અનતી મદદ આપો છો. અહો આપની શુદ્ધ નીતી અને દ્રઢ ભક્તિને જોઈ મારૂં મન પ્રફુલીત થયું છે. આજ સુધી આપના આશ્રય તળે મારી આટલી ઉમર થઇ, પરંતુ દુન્યાના વહેવારીક નીયમોની બીલકુલ ખબર નથી હુ ગમે તેમ કરૂંછુ પણ આપની ઉદારતા તો અનહદ છે આ ઉપકારનો બદલો વાળવા હું સામર્થ નથી તોપણ આપના આશ્રય તળે વરતી મુજ યથાશક્તિએ બનાવેલું આ લઘુ પુસ્તક આપનુ નામ હરવખત યાદ થવા આપનેજ અર્પણ કરૂ છું

લી. હું છું.
આપનો આભારી
કનિષ્ટ બંધુ
ગોવિંદ.

ભેટ.

આ ચોપડી પરમ સ્નેહી મીત્ર ડાકટર લક્ષ્મીદાસ
વાં. વીશનજીને પ્રેમ પુર્વક યાદગીરી માટે ભેટ
કરૂંછું તો તે સ્નેહ સહીત માન્ય કરશે
એવી આશા છે.

લી.

ગાજા ગોવિંદજી કાનજી.

પ્રસ્તાવના.

પ્રિય વાંચનાર.

મારૂં આ લઘુ પુસ્તક કોઇપણ કવીની તુલ્ય થઇ શકશે નહિ. કારણ કે મેં કોઇ પણ રસ અલંકાર અથવા ભક્તિ માર્ગના ગ્રંથો વાચેલા કે જોયેલાએ નથી, તેમ કાવ્યના કાનુન પણ જાણતો નથી. વળી પીંગળ પણ ભણ્યો નથી. તેમ કવી થવા પણ કંઈ ઇચ્છા દર્શાવતો નથી પરંતુ દીલના શોકથી કોઈ કોઇ વખતે પ્રેમને અંશે જે જે સ્તુતી બની આવી છે તેમા ઘણે ઘણે ઠેકાણે ભુલ થઈ ગઇ હશે. તો તે સુજ્ઞજનો દોષ સામું નહી જોતા સુધારી વાચવા તસ્દી લેશો એજ વિનંતી.

લી.

ગાછા ગોવિંદજી કાનજી કર્તા.

શ્રી

બેચરાજી

ગાદશા મીત્ર મંડળ તરફથી

ગવાતા

શ્રી બેચરાજીની સ્તુતીના ગાયનો.



દોહરો.

ગજાનંદ હે ગણપતી, વિઘ્ન હર્તા હમેશ.
પ્રથમ નામ સમરતા, સુખ આપો પરમેશ.

૧

ધનાશ્રી.

(પુણ્ય થયોછે બેલ સજજનો)

નમન કરૂં આ વાર બેચર, નમન કરૂં આ વાર.
ગાત શું કરીએ નિત્યે માજી, તુજ ગુણ અપરમપાર. બોચ.

વિપત વખતે વારે ચડજો, કુકડ થઈ અસ્વાર બોચ.
દર્શન દેવી નિત્યે કરવા, આવે સૌ નરનાર. બોચ.
જીવતા મૃધને મારી ખાધા, મુગલે તુજ દરબાર. બોચ
કાયા તેનીમાથી કુરકુર, બોલે સાંજ સવાર બોચ
નમન કરીને પાયે પડીઓ, ભાગો તે નીજદ્વાર. બોચ
જીવ્હા વર્ણન કરવા માટે, નવ ચાલેરે લગાર. બોચ.
ગાઇ સ્તુતી દોષ ન જોશો, ટુંક મતી છે સુથાર. બોચ.
છાયા થઈ તમ હસ્ત તણીનો, દાસને સુખ અપાર. બોચ.

૨

દોહરા.

સંવત ઓગણીસો વળી, સાઠ સાલ શુભકાર;
તે વરસ મે મન કર્યું, તે દર્શાવું આ વાર. ૧
ઈષ્ટ દેવી મુજ બૈચરા, ધરૂ તેહનુ ધ્યાન ૨
ગુણ ગાવાને મન કર્યું, પણ નૈ કાવ્યનુ જ્ઞાન. ૩
અનેક પ્રાક્રમ તાહરા, કવીજન વર્ણવી જાય,
ટુક મતી તો માહરી, ગુણ શી રીતે ગવાય. ૪
કરજોડીને હુ નમુ, હે જકત જનુની માય;
સુમતી આપો દાસને, ઇચ્છા પુર્ણ થાય. ૫

૩

(તુને કુમલાજી અરવા)

માતું અમારી બૈચર બાળી, એજી શુણો માતુ અમારી
આપ પધારો આનંદકારી, કર્યા સુખો બૈ ભારી (૩) મા.
ચડમુંડ મૈખાશુર માર્યા, હાથે ત્રીશુળ ધારી. (૪) મા.

ઉગમણે ગોખે આપ બીરાજો, શોભા શી કહું તમારી.
સર્વે મળીને વિનતી કરે છે, તુ અમ દુખો હરનારી.

૪

રાગ દીંડી.

(જા દાસી કર પુજનકી તૈયારી).

મમ માતું અમ અરજ ઉરે ધારો,
મુજ ગુણ ગાવા મળ્યો પ્રસગ સારો,
કરો આપ દર્શન કીધો સફળ જન્મારો. મમ.
કરે દેવ સર્વે વિનતી મા તમારી,
અમોને દૈત્ય દુખ દેછે ભારી;
તેને મારવાને હસ્ત ત્રીશુળ ધારો. મમ.
વાત શુણી ક્રોધ કીધો અતી ભારે,
દૈત્ય મારી માજી શાન્ત થયા ત્યારે;
દેવ સર્વે મળી બોલ્યા જયજયકારો. મમ.
ભજે બેચર ભાવેથી સુખકારી,
લીઓ કષ્ટરૂપી ભવસીંધુથી તારી.
ટેક રાખો માજી આપ અરે અમારો. મમ.
યથા શકિત માજી ગુણ ગાયા તારા,
નથી પીગળ જ્ઞાન દોષ ન જોશો મારા;
ગોવિદ કહે દાસ સહુ ઉગારો. મમ.

૫

હરીગીત છંદ.

સહુ પ્રમથી આવી કરી ગુણ ગાએ માતાજી તણા,
તે દેખી મુજ મન થયું પણ ગાઉ શા ગુણ છે ઘણા;

હે જક્ત જનુની માત ગારો જગ પ્રસિદ્ધ છો ખરી,
શુભ ગામ શંખનપુર વશી તેં નામ ધર્યું બૈચરી
આતો હર્ષથી નરનારીઓ તમ દર્શને તો આવીઆ,
તે તણા કષ્ટોને સંહારી સદબુધીએ લાવીઆ,
ઉપકાર તારા અથાગ માજી શું કહું જીભે કરી,
શુભ ગામ શખનપુર વશી તે નામ ધર્યું બૈચરી
ભુસે જે પાપી પ્રાણીઆ ધિકાર છે એ દેહને
અરે ભજે નહી તોય પણ કેવી દયા છે તેહને;
હે દયાળી છો કૃપાળી ભકત વારે તું ચડી,
શુભ ગામ શખનપુર વશી તે નામ ધર્યું બૈચરી.
અહર્નિશ તારૂં ધ્યાન ધરતા દોષ હોય જો માહરા,
તે માફ કરજે રંક જાણી હે કૃપાળી બૈચરા,
ગોવિંદ કર જોડી કહે તુ દાસ દુખ લે હરી,
શુભ ગામ શખનપુર વશી તેં નામ ધર્યું બૈચરી.

૬

(નાથ કૈસે ગજકો)

નમીએ બૈચર આનંદકારી, દીસે અદભુત આંગી તમારી,
સોળ શણગાર અંગે માએ ધરીયા, શોભા શુ કહીએ વિસ્તારી
આયુધ સર્વે કરમા ધરીને, કીધી કુકરકુર અસ્વારી   નમી
દાસ તણી દીનવાણી દયાળી, લ્યોછો સદા ઉરધારી,
માકપતીને તેં નર કીધો, પ્રથમ હતી તે નારી   નમી
ઘોડીમાથી ઘોડો કીધો, તુજ પ્રાક્રમ બહુ ભારી.
સંકટ સર્વે કાપી સેવકના, ભક્ત લીધા તેં ઉગારી   નમી.
નવ ખંડમા નામ તમારૂં, બૈચર મા સુખકારી

બ્રહ્મા વિષ્નુ સદાશીવ જે, સ્તુતી કરે નીત્ય તારી. નમી.
બેચર બાળી તુજ ગુણ ગાવા, શક્તિ ન ચાલી અમારી;
ગોવિંદ કહે માતા તમ દાસની, કુબુદ્ધી દેજે સંહારી. નમી.

૭

(દરશન બીન અખીયાં તરસરહી)

માજી મુજ પ્રેમ છે તમ સેવામાં,
તમ સેવામા દર્શન કરવામા માજી.
અહર્નીશ તમ સેવા કરીને, ચાહે છે મન તમ ગુણ ગાવામાં;
દેવ અરજ સુણી રેમ ધરીને, શીઘ્ર થયા દર્શન દેવામા માજી
તેમ તમારા દાસને માજી, સાય થજો દુ ખ પડે તેવામા;
ગોવિંદ કહે મુજ દુ ક મતી છે, ચાલે જીભ્હા શું ગુણ કેવામા મા.

૮

(બનજારો)

મહીમા જગમા તુજભારી, નમું બેચર મા સુખકારી;
નીત નવા આભુષણ ધરીયા, આયુદ્ધો કરમા ધરીયા.
વળી કરી કુરકુર અસ્વારી, નમુ બેચરમા સુખકારી;
અતી ગહન ગતી મા તારી, નવપાર લહે મતી મારી.
શું ગાઉં ગુણ દીન રાત્રી, નમુ બેચરમા સુખકારી.
બહુ પાપ પ્રચંડ પરમારૂ, મીય લક્ષ રહ્યુ જ નઠારૂ;
નવ ભક્તિ થાયે તમારી, નમું બેચરમા સુખકારી.
નથી ઉગરવાનો આરો, મા આશરો એક તમારો;
હું વંદુ વારમવારી, નમું બેચરમા સુખકારી.
ભવસીંધુથી મા તારો, ગ્રહી હર્ષથી હાથ અમારો
લે વિનતી એ સ્વકારી, નમું બેચરમા સુખકારી,
કરો માફ દોષ છે મારા, ચાહુ ચર્ણુ કમળ હુ તારા;

ગોવિંદ વંદે પોકારી, નમુ બૈચરમા સુખકારી.
મહીમા જગમા તુજ ભારી, નમુ બૈચરમા સુખકારી.

૯

(જોડલું નવ જોયું માડી)

આજ બૈચર તારી મુજને (૨)
વારે વારે વિનવું માતા આલએવી તુજને;
વાશ તેં રૂડે ગામ કીધો (૨)
શંખનપુરમા વસીને માજી દર્શન લાવો દીધો.
આવીને જોયુ ધામ તારૂ (૨)
માન સરોવર નીર નીહાળી મન મોહ્યું મારૂં.
સૌજન જાયે પ્રીતે નાવા (૨)
લે પુજન સામગ્રી આવે દ્વારે સફળ જન્મ કરવા.
એવું મેં નજરે તો નીરખ્યું (૨)
ખરેખર હુ સાચુ કહું છું નથી ખોટું પરખ્યું.
શર્ણુ તારે સર્વ બાળો (૨)
ગૃહી હર્ષે થકી આ હાથ અમારો ભવ સીધુ તારો.
મતી છે થોડી માત મારી (૨)
કરો કૃપા દ્રષ્ટી તમદાસ ઉપરે એ ઈચ્છા મારી
કરો જે માફ દોષ મારા (૨)
ગોવિદ નીશદીન ચાહે માજી ચર્ણ કમળ તારા.

૧૦

(લુંટી ખજાનો મઝા કરો)

પ્રેમેથી ગાવોને અહીં કને, સૌજન પ્રેમેથી ગાવો અહીં
ઓકજણુ—ગાવા ગુણુ શું માજી તારા તુજ ગુણુ છે અથામ,
ત્રીશુળ હસ્ત ધરીને માજી, દૈત્ય મારવા જાગ

બધાજણ—હા રોજ આવી કરીને. પ્રેમથી.
બીજો—એમ કેમ બોલે તું બાઇ સાંભળને આવાર,
શુભની શુભનું જુલ્મ જોઇને માર્યા છે તતકાળ;
બધાજણ—હાં રોજ આવી કરીને. પ્રેમથી.
ત્રીજો—શું ભેખાશુર ઓછો ત્યારે માર્યો તે પણ હાર,
તેમ આપણા દુઃખને બધું બોચર મા હરનાર.
બધાજણ—હા રોજ આવી કરીને. પ્રેમથી.
ચોથો—અલ્પ બુદ્ધિથી ગાઈ સ્તુતી ભુલ દુર મુકીશ
ગોવિંદ કરજોડી માતા તમ ચર્ણું નમાવે શીશ.
બધાજણ—હા રોજ આવી કરીને. પ્રેમથી.

૧૧

(નાથ નવ કરો)

માત માહરી, બોચરાજી બાળીરે
જગત માત, જોડી હાથ, દીન રાત, ઉભો પાસ
અર્જ શુણીએ અમારી. માત.
દેવ દુખ હર્યું, શું કહુ વિસ્તારીરે
વીનતી ધારી, લે ઉગારી, દૈત્ય મારી, હે દયાળી
ભકત પાડનારીરે. માત.
કહું શું હું ફરી, તુજ મહીમા ભારી
ભુલ ચુક, દુર મુક, મતીછે ટુંક, ગાવા ગુણ
સુમતી દે વધારીરે. માત.
તમ ચર્ણું શીર ધરી, ગાઇ સ્તુતી તમારીરે
કષ્ટ કાપ, સેવક થાપ, છું અનાથ, સુખ આપ
ગોવિંદ કહેછુઉચ્ચારીરે. માત.

૧૨
મનહરછંદ.

જુઓ જન આવી અહીં, રોશનીનો પાર નહીં;
મંડપનો ઠાઠ દેખી, મન હરખાય છે
આરતીના ઝણંણાટ, શુગળના ભણેણાટ;
નોબતુના ઘણેણાટ, અહીં કને થાય છે
એવી રચના છે સારી, છઇ ગાયે નરનારી;
કહું શું હું વિસ્તારી, ભકતને તું સાય છે
ભુલ ચુક માફ કર, વિનતી તું ચીતધર,
દયાકર દાસપર, ગોવિંદ એમ ચાય છે

૧૩
(શું નટવર વસંત થે થે)

બંધુ બેચર મંડપમાં આવી અહી
આવો અહી ગરબો ગાવો સહી બંધુ

સાખી—નવરાત્રી ગરબે રમે, આશાપુરી માય,
અંબા બેચર કાળકા, ટોળે મળી સૌ ગાય.
તુળજાને તોતળા બે તાળી લેતા નથી
વેગે વરઈ વડુચી આવી અહી. બંધુ.

સાખી—સાડી ટપકીએ ભરી, તેજ તણો નહી પાર;
કંકણુ કરમા ઝળકતા, કંઠે એકાવળ હાર
હીંચ—રૂમઝુમ નેપુરનો નાદ, ધરણી ધમકેરે;
ચળકે તનમનીયું જડાવ, ઝુમણું ઝળકેરે.

સાખી—સુરનર મુનીવર સૌ મળ્યા, ઇંદ્રાદીક સહુ દેવ,
નારદ વેણુ વજાડતા, આવ્યા ત્યાં તતએવ.

ભાવે બ્રહ્માણી રૂદ્રાણી ત્યાં ભાવથી,
વૈષ્ણુવી પુષ્પ વધાવી ગઇ બંધુ.

૧૪

(કોયલ સુર દીલને લાગે આનંદકારી).

દીઠું શંખનપુર શહેર અજબનો ભારી,
ત્યા વસે બેચરા માત અની સુખકારી;
દરબાર જોવા શું ચાહે માત મન મારૂં,
દરવાજા ત્રણુની રચના શું નીરખારૂ.
દક્ષિણુ દરવાજે નોબત નીસદીન વાજે,
વળી તે ઉપર દીપમાળ રોશની કાજે;
દીશા આથમણે માનસગવર કહીએ,
ત્યા સ્નાન કરીને માત દર્શને જઈએ.
આવતા જુઓ એક કોઠો કરો કંઇ ખાત્રી,
દીવા સવાલક્ષ બળે પુનમની રાત્રી;
તળાવ બીજા બેની શોભા મનહર છે,
જાત્રાળુ જન ઉતારાને સુખકર છે.
મેં ગાઇ સ્તુતી માફ દોષ કર મારા,
ગોવિંદ નીશદીન ગાએ ગુણુ શુ તારા.

૧૫

રાગ માઢ.

(વીરા વેશ્યાના યારી).

નમુ બેચર બાળી, આનંદ કારી, પુરો અમારી આશ
જય મંગળકારી, ભવજળ તારી, પુરો અમારી આશ

જક્ત વિશે પ્રખ્યાત શંખનપુર, માજી તારો વાશ
આઈ અલબેલી બૈચર, પુર્ણ દીશે પ્રકાશ. નમું.
માજી તુ તો આદ્ય અનાદી, જુગ ચારે પ્રખ્યાત
અનેક રૂપ ધર્યા બૈચર તેં, ચોદ ભુવન એક માત. નમું.
દીન દયાળી કરૂણા કાળી, મહેર કરો મમ માય
ઈચ્છે સેવક દર્શન તારા, સત્વર થાજો સાય. નમું
મહેર કરો અમ ઉપર માજી, તરીએ આ સંસાર
દાસ સરત કરજોડીને, વંદે છે વારમવાર નમું

૧૬

(કુંડળીઓ).

ગાઉં ગુણ શુ માતના, નાવે તેનો પાર;
વર્ણન કરવા તેહનું, ચાલે ન જીભ્યા લગાર
ચાલે ન જીભ્યા લગાર, મતી તો મારી,
અરજ કરૂં તુમપાસ, મતી દે સુધારી,
કરજોડી ગોવિંદ કહે, કરો દર્શન રાજી થાઉં;
પાર ન આવે તાહરા, માત ગુણગુ ગાઉં.

૧૭

બીગરી કોન સુધારે નાથ બીન બીગરી કોન સુધારે

રાગ બીગરી.

નમન કરૂં હુ પ્રીતે માજી, નમન કરૂં હું પ્રીતેરે મા નમન કરૂં
હું આવ્યો છુ શરણુ તાહરે, અવર કેની નહી આશરે;
જક્ત જનુની માત બૈચરા થાય કૃપા કરી દાસરે. નમન.
અનેક દાસ મેં કર્ણે સાભળ્યા, વણીક પુત્ર બહુ ભારીરે
ધન્ય ભાગ્ય તમ થકી તેના, ગાસે નમણ નીત ગારીરે.

એમ ભક્તોને તારયા માજી, દૈત્યોને તો મારીરે નમન.
તેમ ભવસીંધુ કષ્ટોથી, લે અગને તુ તારીરે નમન.
શોભા તારી સૌથી સારી, વળી કુકડા તમ પાસરે;
કહે ગોવિંદ મા ભક્ત જનને, તમ દર્શનની આશારે.

૧૮

(કુડળીઓ).

સેવા કરવી માતની, અરપી તન મન ધન;
ભક્ત જનુની માતના ગાવા ગુણ નીશદીન.
ગાવા ગુણ નીશ દીન, ભજ્યાથી સુખનો મળશે;
દુખ થાશે સહુ દુર, ઈચ્છા મન પુરણ કરશે.
કહે ગોવિંદ કરજોડ, માતની આશીષ લેવા;
અરપી તન મન ધન, કરો માતની સેવા.

૧૯

(આરતી).

જે બૌચર બાળી આજે, બૌચર બાળી
લાલ કુકમને ચુદડી (૨) કુર કુર અસ્વારી. જે બૌ.
બેઠા બીરાજો માત, શણુગાર શોભતા મા
ધુપ દીપ નીવેદન (૨) મુખવાસ છે મેવા જે બૌ.
આઠે પહોર આનંદ, સુખ બહુ કરીઆ મા
દૈત્ય સૌને સહાર્યા (૨) ભક્ત જન તારયા. જે બૌ
કુકડાયા દસ વીશ, સંઘ બીરાજે છો મા.
નીત નીત ઓછવ થાયે (૨) નોબત વાજે છે. જે બૌ.
ભક્ત જન માના દાસ, શર્ણે આવ્યા છે મા
શર્ણુને આપો સુખ, (૨) મન બહુ ભાવ્યા છો. જે બૌ,
બાચર માની આરતી, જે ભાવે ગાશે,
ગોવિંદજી તો એમ કહે, બૌચર સાહે થાશે. જે બૌ.

૨૦
(આરતી ૨ જી).

જે દેવી દેવી મા જે દેવી દેવી,
સુરનર મુનીવર ગાવે (૨) કળી ન શકે કેવી. જે દે.
સ્વર્ગ મૃત્યુ પાતાળ, વાસ બધે કીધો મા,
દાસ દાસીનું જાણી (૨) મુજકર ગૃહી લીધો જે
સુખદાતા છો માત, જકત બધે જાણુ મા
અવર સગુ નહી કોઈ (૨) આપ સાચુ નાણુ. જે દે.
સંકટ સમયે દુઃખ સેવકના કાપે મા,
મનવાચ્છીત મમ માયા (૨) તુર્ત ફળ આપે જે દે.
દર્શન દયો દયાળી, દીન વંદુ વાણી મા
જયદેવી જુગતેં, સાચો સેવક જાણી જે દે.

દોહરો.

મુજ જ્ઞાતી છે ગાછા તણી,
મુજ પીતા કાનજી નામ.
ગોવિંદ સુત હુ તેહનો;
રહું છુ ગાડરી ગામ.
કવીજન ખોડ ન આપશો,
છુ અજ્ઞાની બાળ.
ભુલ ચુક માફી કરી,
બોલો શ્રી ગુપાળ.

સમાપ્ત.

र ाति.

-ाग धनाश्री.

नमन करूं आ धार, भौमिर नमन करुं आधार. (मेरोह.)

गोप ं उ प्रजय.

